Letter No: WCDD/0074/11/2023 Dt: 05-11-2023

નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને આધીન

મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી પ્રથમ

ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: WCDD/TAH/e-file/23/2023/1316/B1

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા :

1. નામ ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ.નં.8559/2019 ના કેસમાં આપેલ તા.02/05/2023 ના રોજ નું જજમેન્ટ.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૩/૧૨/૨૦૧૧નો હુકમ ક્ર: આઇસીડી/૧૦૨૦૧૦/૩૩૫૯/બ
3. નિયામકશ્રી(આઇસીડીએસ) ની કચેરીની તા.૧૩/૦૮/૨૦૧૩ ની દરખાસ્ત.
4. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૭/૦૨/૨૦૧૪નો હુકમ ક્ર: આઇસીડી/૧૦૨૦૧૩/૨૫૮૧/બ
5. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૪/૦૪/૨૦૧૫નો હુકમ ક્ર: આઇસીડી/૧૦૨૦૧૩/૨૫૮૧/બ

<u>પૂર્વભૂમિકા</u>

વંચાણે લીધા (૧) પરના નામ. ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટથી નીચેના કોષ્ટક મુજબના કુલ ૦૧ પીટીશનરને મુખ્ય સેવિકાની સેવામાં ૦૯ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦/- ના પગાર ધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. વંચાણે લીધા (૨) થી અરજદારને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦/- ના પગાર ધોરણ ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજુર કરવામાં આવેલ હતુ. વંચાણે લીધા (૩) થી નામ. કોર્ટના SCA/7663/2013ના ચુકાદાને આધિન સેવાના નવ વર્ષે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ આપવા નિયામકશ્રી (આઇસીડીએસ) ની કચેરી દ્વારા દરખાસ્ત કરેલ હતી. વંચાણે લીધા (૪) તથા (૫) થી નીચે મુજબના કોષ્ટકમાં દર્શાવેલ મુખ્ય સેવીકાઓનું ઉચ્ચતર પગાર ધોરણ સેવાના ૯ વર્ષે અનુસૂચી-૧ અનુસાર રીવાઈઝ કરવામાં આવેલ હતુ.

<u>//હુકમ//</u>

વંચાણે લીધા (૧) પરના હુકમ અન્વયે નીચે દર્શાવેલ કોષ્ટક મુજબના કુલ ૦૧ પીટીશનરને મુખ્ય સેવિકાની સેવામાં ૯ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦/- ના પગાર ધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. નામ. ગુજરાત હાઈકોર્ટની અવમાનના ન થાય એ માટે નીચે મુજબના કુલ: ૦૧ પીટીશનરને ચુકાદા અનુસાર ૯ વર્ષે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન મુખ્ય સેવિકાનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારી/કર્મચારીનુ નામ | નિમણુંક તારીખ | ૦૯ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | નામ.કોર્ટના ચુકાદાને આધિન પાત્રતા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી સુમિત્રાબેન આર. ગામીત | ૧૮/૦૮/૧૯૮૨ | ૧૭/૦૮/૧૯૯૧ | ૧૮/૦૮/૧૯૯૧ |

૩/- ઉક્ત કર્મચારી/અધિકારીઓનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતો અનુસાર મંજુર કરવામાં આવે છે;

1. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
2. નાણા વિભાગના તા. ૦૫/૦૭/૧૯૯૧ તથા તા. ૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે. તેમજ નાણા વિભાગના વખતોવખતના ઠરાવ તેમજ પરિપત્રમાં આપેલ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.
3. કર્મચારીએ બિનપગારી રજાઓ ભોગવેલ હોય અને આ હુકમમાં રજાઓ બાદ કરેલ ન હોય તેવા કિસ્સામાં સબંધિત કચેરીએ હુકમો કરતી વખતે બિનપગારી રજાઓ ધ્યાને લેવાની રહેશે. માત્ર બિનપગારી રજાઓની તારીખમાં વિસંગતતાનું કારણ આપીને ઉ.પ.ધો.આપવામાં બિનજરૂરી વિલંબ કરી શકાશે નહિ

૪/- વડી કચેરીએ તેમજ સંબંધિત જિલ્લા કચેરીએ નામ. ગુજરાત હાઈકોર્ટના નામ, ગુજરાત હાઈકોર્ટના 8559/2019 ના કેસમાં આપેલ તા.02/05/2023 ના ચુકાદા અનુસાર આનુષાંગિક લાભો નિયત સમયમર્યાદામાં પુરા પાડવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૪/૧૧/૨૦૨૩ ની નોંધ થી મળેલ મજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

File No: WCDD/TAH/e-file/23/2023/1316/B1 Branch
Approved By: K K Nirala(Secretary,WCDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: WCDD/0074/11/2023   Dt: 05-11-2023

(કે.આઈ.લેઉવા)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી,(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ~~સુરત~~. ભરૂચ
4. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ~~સુરત~~. ભરૂચ
5. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. ~~સુરત~~. ભરૂચ
7. સંબંધિત મુખ્ય સેવિકા (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી ~~સુરત~~) ભરૂચ

O/C